૧૨/૦૭/૨૧

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત, (ISO 9001:2008 Certified)

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

જા.નં/મા-૩/વર્ગ વધારો/૨૦૨૧/ ૯૫૫૩ તા. ૧૪/૦૭/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ મા.અને ઉ.મા.શાળાઓ

(ધો.:૯,૧૦ વર્ગ વધારો ,ધો.૧૧ (સળંગ એકમ) તથા

ધો.૧૧ અને ૧૨ નો વર્ગ વધારા માટે અરજી કરેલી શાળાઓ તરફ

<u>વિષય</u> : ગ્રાન્ટેડ ધો.: ૯,૧૦ વર્ગ વધારો ,ધો.૧૧ (સળંગ એકમ) તથા ધો.૧૧ અને ૧૨ નો વર્ગ વધારા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત શહેર/જિલ્લાની જે ગ્રાન્ટેડ મા.વિ./ઉ.મા.વિ. શાળાઓ વર્ષ – ૨૦૨૧-૨૨ માં ધો.: ૯,૧૦ વર્ગ વધારો ,ધો.૧૧ (સળંગ એકમ) તથા ધો.૧૧ અને ૧૨ નો વર્ગ વધારાની દરખાસ્ત ઓનલાઈન અરજી કરેલ છે. તે શાળાએ તા.૧૯.૦૭.૨૦૨૧ ને સોમવારે સવારે ૧૧.૩૦ કલાકે વનિતા વિશ્રામ(સર વી.ડી.ટી.ગર્લ્સ હાઈસ્કુલ, અઠવા લાઈન્સ, સુરત.) પર ફરજીયાતપણે હાજર રહેવા જણાવવામાં આવે છે.

**<u>નોંધ</u> :- શાળાના આચાર્યશ્રીએ અને જાણકાર કલાર્કે મીટીંગમાં સમમયસર હાજર રહેવુ.**

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત.

Scanned with CamScanner

અગત્યનું

ક્ર:-ઉમશ/ઉમા-૩/વર્ગમંજુરી/૨૦૨૧ 4890-492

કમિશનર, શાળાઓની કચેરી,

બ્લોક નં ૯/૧ ડૉ જીવરાજ મહેતા ભવન,

ગુ. રા. ગાંધીનગર

તા.13/૭/૨૦૨૧

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ,

વિષય :-વર્ગ વધારાની હંગામી જરૂરીયાત સંદર્ભે સૂચના આપવા બાબત.

સંદર્ભ:- આ કચેરીના પત્ર ક્ર:- ઉમશ/ઉમા-૩/વ.મ./૨૦૨૧/૪૭૯૫-૪૮૩૦ તા. ૯/૭/૨૦૨૧

ઉપરોકત વિષય અને પરત્વે જણાવવાનું કે,રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યા. અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૧ થી ધોરણ- ૯/૧૦ ના વર્ગ વધારા ધોરણ- ૧૧ પ્રથમ ક્રમિક ( સળંગ એકમ ) ધોરણ-૧૨ ક્રમિક વર્ગ તથા ધોરણ- ૧૧/૧૨ ના વર્ગ વધારાની અરજી કરવા અંગેની જાહેરાત તા.૫/૭/૨૦૨૧ ના રોજ સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરાત સંદર્ભે સંદર્ભદર્શિત પત્રથી આપેલ સૂચનાઓમાં સૂચના નંબર-બે (૨) અનુસાર વર્ગ વધારાની જરૂરીયાત માસ પ્રમોશન ના કારણે ઉભી થયેલ હંગામી જરૂરીયાત હોય તો શાળાઓને ઓન લાઇન દરખાસ્ત ન કરવા અંગે સૂચના આપવા જણાવવામાં આવેલ.

તદઉપરાંત તા.૯/૭/૨૦૨૧ની વિડીઓ કોન્ફરન્સમાં પણ ઉકત બાબતે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ હતી.

માસ પ્રમોશનના કારણે ઉભા થયેલ વર્ગવધારાની જરૂરીયાત સંદર્ભે કામ ચલાઉ એક વર્ષ પુરતી મંજુરી આપવા અંગેની દરખાસ્ત શિક્ષણ વિભાગમાં કાર્યવાહીમાં છે. તેથી શિક્ષણ વિભાગની આગ સૂચના ન મળે ત્યાં સુધી હંગામી જરૂરીયાત વાળા વર્ગો ( ધોરણ-૧૧ પ્રથમ તેમજ ધોરણ- ૧૧ વર્ગ વધારા) ની માંગણી કે રજૂઆત આપની સંમક્ષ આવે ત્યારે આવા વર્ગોની માંગણી માટે ઓન લાઇન દરખાસ્ત ન કરવા આપના તાબાની તમામ શાળાઓને સૂચના આપવાની તજવીજ સત્વરે હાથ ધરવા જણાવવામાં આવે છે. આ બાબતે જુદી જુદી શાળાઓ તરફથી વારંવાર આ બાબતે અત્રેની કચેરી ખાતે પૃચ્છા થતી હોવાથી આપને આ સૂચના આપવાની ફરજ પડી છે.

નાયબ શિક્ષણ નિયામક

(૧૦+૨) ખાસ ઘટક

ગુ. રા. ગાંધીનગર

Scanned with CamScanner